


# આહ્‌વાન

A Monthly Bulletin of Shahpur Methodist Church



Address : Bahai Center, Shahpur, Ahmedabad 380 001.

Email : revrajuparmar@gmail.com

Pastor : Rev. Raju N. Parmar

Visit us at : www.shahpurmethodistchurch.com

(M) 8238260259



વર્ષ - ૫૬ સપ્ટેમ્બર-૨૦૨૬ પત્ર - ૧૫૬


## શિક્ષક દિન

ખ્રિસ્તમાં વ્હાલા ભાઈઓ અને બહેનો,

પ્રભુ ઈસુ ખ્રિસ્તના નામમાં પ્રેમી સલામ.

યહોવાનું ભય એ જ્ઞાનનો આરંભ છે અને પરમ પવિત્રની ઓળખાણ એ જ બુદ્ધિ છે. નીતિવચનો ૯:૧૦

૫મી સપ્ટેમ્બરના રોજ ભારત દેશમાં શિક્ષક દિન તરીકે ઉજવવામાં આવે છે. ૫મી સપ્ટેમ્બર ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનનો જન્મદિવસ છે. ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનનો જન્મ ૫મી સપ્ટેમ્બર ૧૮૮૮ના રોજ થયો હતો. તેઓ મહાન શિક્ષક અને તત્ત્વજ્ઞાની હતા. તેમના માનમાં ૫મી સપ્ટેમ્બર શિક્ષક દિન તરીકે ઉજવવામાં આવે છે. જ્યારે તેમના વિદ્યાર્થીઓએ તેમનો જન્મ દિવસ ઉજવવાની ઈચ્છા વ્યક્ત કરી ત્યારે તેમણે પોતાનો જન્મદિવસ ઉજવવાને બદલે ૫મી સપ્ટેમ્બરના રોજ શિક્ષક દિન તરીકે ઉજવવામાં આવે એવી ઈચ્છા વ્યક્ત કરી હતી. તેથી ૧૯૬૨થી ભારતમાં ૫મી સપ્ટેમ્બરે શિક્ષક દિન તરીકે ઉજવવામાં આવે છે.

એક શિક્ષક વિદ્યાર્થીઓને જ્ઞાન આપે છે. જીવનમાં સાચું અને ખોટું સમજવામાં મદદરૂપ બને છે. વિદ્યાર્થી જીવનમાં વિચારો અને વ્યક્તિત્વનો વિકાસ કરે છે અને જીવનમાં શિસ્ત, અનુશાસન અને જવાબદારી શીખવે છે. એક શિક્ષક વિદ્યાર્થીમાં રહેલી ક્ષમતા અને પ્રતિભાને ઓળખીને આગળ વધવા પ્રેરણા આપે છે. એટલે જ શિક્ષકને રાષ્ટ્રના ઘડવૈયા પણ કહેવામાં આવે છે. કેમ કે આજના બાળકો આવતીકાલનું સુંદર ભારત છે. આ બાળકો આવનાર સમયના ડૉક્ટર, એન્જીનીયર્સ, વૈજ્ઞાનિક, અધિકારીઓ, નેતાઓ અને તેઓ દેશના અને સમાજના વફાદાર નાગરિક બને છે. આપણા સર્વના જીવન ઘડતરમાં શિક્ષકોનો ફાળો અમૂલ્ય છે. બાળકના જીવનને શિસ્તમય, શિક્ષિત અને સક્ષમ બનાવનાર સર્વ શિક્ષકોની સેવાની કદર કરવી અને તેઓને આદર, માન અને સન્માન આપવામાં આવે તે ખૂબ જ અગત્યનું છે. એક આદર્શ શિક્ષક સમાજ માટે આશીર્વાદરૂપ હોય છે. શિક્ષક માત્ર ભણાવતા જ નથી પરંતુ વિદ્યાર્થીઓને જીવનમાં સાચી દિશા પણ આપે છે.

પ્રભુ ઈસુ ખ્રિસ્ત એક ઉત્તમ શિક્ષક છે. પ્રભુ ઈસુ ખ્રિસ્તે માથ્થી ૫-૭ અધ્યાયમાં જે શિક્ષણ આપ્યું છે તેને પહાડ પરનું ભાષણ તરીકે ઓળખવામાં આવે છે, જે ગાંધીજીને પ્રિય હતું. જેમાં ધન્ય વચનો, હત્યા ન કરવી, જૂઠા સમ ન ખાવા, દુશ્મનને પ્રેમ કરો, પ્રાર્થના કરવી, દાનધર્મ કરવો, ઉપવાસ કરવો વગેરે સંબંધી પ્રભુ ઈસુ ખ્રિસ્તે ઉત્તમ શિક્ષણ આપ્યું છે જે માનવીનું જીવન બદલનાર શિક્ષણ છે. પ્રભુ ઈસુ ખ્રિસ્તનું આ અદ્‌ભુત શિક્ષણ દોરવણી અને માર્ગદર્શન પૂરું પાડે છે, જે જીવનો અને હૃદયોને બદલનાર છે. જેઓ જીવનમાં દબાયેલા અને કચડાયેલા હતા, સમાજમાં જેમની કોઈ ગણના નહોતી એવા લોકો પ્રત્યે પ્રભુ ઈસુ ખ્રિસ્તે સહાનુભૂતિ અને અનુકંપા દર્શાવી. ઈશ્વરના રાજ્ય સંબંધી ઉપદેશ આપ્યો, જેથી તેઓ જીવનમાં સુખ, શાંતિ અને કલ્યાણનો અનુભવ કરી શકે.

પ્રભુ ઈસુ ખ્રિસ્ત દ્વારા માનવ જીવનને ઉત્તમ શિક્ષણ આપવામાં આવ્યું છે. તેમના ઉપદેશથી લોકો અચરત પામતા હતા. માથ્થી ૭:૨૮-૨૯ અને ઈસુ એ વાતો કહી રહ્યા ત્યારે એમ થયું કે, લોકો તેના ઉપદેશથી અચરત થયા. કેમ કે શાસ્ત્રીઓની પેઠે નહિ પણ જેને અધિકાર હોય છે તેની પેઠે તે તેઓને ઉપદેશ કરતો હતો. લૂક ૪:૩૨ અને તેઓ તેના બોધથી અચરત થયા, કેમ કે તેનું બોલવું અધિકારયુક્ત હતું. લૂક ૪:૨૨, બધાએ તેના વિષે સાક્ષી આપી અને તેના મોંમાંથી જે કૃપાની વાતો નીકળી તેથી તેઓ અચરત પામ્યા.

પ્રભુ ઈસુ ખ્રિસ્તે દ્રષ્ટાંતો દ્વારા અને લોકો સમજી શકે તે પ્રમાણે લોકોને શિક્ષણ આપ્યું. તેમની ઉપર દયા કરી, જેઓ બીમાર હતા તેમને સાજા કર્યા, ઈશ્વરનું નવચન તેમને પૂરું પાડ્યું, ઈશ્વર દયાળુ અને કોપ કરવામાં ધીમા છે અને કૃપા કરવામાં ઉતાવળા છે. લૂક ૪:૧૮-૧૯. પ્રભુનો આત્મા મારા પર છે કેમ કે દરિદ્રીઓ આગળ સુવાર્તા પ્રગટ કરવા સારું તેણે મારો અભિષેક કર્યો છે. બંદીવાનોને છુટકો તથા આંધળાઓને દ્રષ્ટિ પામવાનું જાહેર કરવા, ઘાયલ થયેલાઓને છોડાવવા તથા પ્રભુનું માન્ય વરસ પ્રગટ કરવા સારું તેણે મને મોકલ્યો છે.

પ્રભુ ઈસુ ખ્રિસ્તે ઉત્તમ શિક્ષણ આપ્યું છે જેમાં પ્રેમ, દયા, માફી, એકબીજાને પ્રેમ કરવો, એકબીજા પ્રત્યે માયાળુ બનવું. જે આજે આપણા જીવનને સાર્થક બનાવે છે. આ શિક્ષક દિન આપણા દરેક માટે આશિષ લાવનાર બની રહો. આમેન.

## ગત માસનાં કાર્ય તરફ દ્રષ્ટિપાત : ઓગસ્ટ -૨૦૨૬

- તા. ૨-૮-૨૦૨૬, ભજનસેવામાં મળ્યા. પ્રભુભોજન પળાવવામાં આવ્યું. એદન મેથોડિસ્ટ ચર્ચ ન્યુ મણીનગરના પાળક ગૃહના પ્રોજેક્ટ માટે પાળક રેવ. સંજય રાજય સાહેબ એમ.વાય.એફ.ના જુવાનો સાથે હાજર રહ્યા હતા. સાહેબે વચનની સેવા આપી હતી. મંડળીના ભાઈઓ અને બહેનો દ્વારા તેમના પ્રોજેક્ટ માટે ૭૫,૦૦૦/- ઉદારતાથી દાનો આપવામાં આવ્યા હતા. આભાર.
- તા. ૩-૮-૨૦૨૬, ડિસ્ટ્રીક્ટ પાળક પ્રાર્થના સંગત માટે મેથોડિસ્ટ ચર્ચ રાયખડમાં મળ્યા હતા.
- તા. ૫-૮-૨૦૨૬, પાલડી વિસ્તારમાં શ્રી પ્રશાંતભાઈ એસ. ક્રિશ્ચિયનના ઘરે મિટીંગ માટે મળ્યા હતા.
- તા. ૯-૮-૨૦૨૬, ભજનસેવામાં મળ્યા. ભજનસેવા બાદ પાસ્ટોરેટ કમિટી માટે મળ્યા હતા. ત્યારબાદ ડિસ્ટ્રીક્ટ સન્ડે સ્કૂલ બોર્ડ દ્વારા વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન સિયોન મેથોડિસ્ટ ચર્ચ, સાબરમતીમાં કરવામાં આવ્યું હતું. જેમાં આપણી મંડળીના સન્ડે સ્કૂલ ટીચર્સ, બાળકોએ ભાગ લીધો હતો અને ઈનામ મેળવ્યા હતા. ઈનામ જીતનાર બધા બાળકોને અભિનંદન.
- તા. ૧૫-૮-૨૦૨૬, ડિસ્ટ્રીક્ટ વિદ્યાર્થી સન્માન સમારંભ બેથાની જ્યુબિલી મેથોડિસ્ટ ચર્ચમાં રાખવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ સાથે હાજરી આપી હતી.
- તા. ૧૬-૮-૨૦૨૬ ભજનસેવામાં શ્રી સુખેન્દુ હલદરે પ્રભુના વચનોનું મનન કરાવ્યું હતું.
- તા. ૨૩-૮-૨૦૨૬, ભજનસેવા બાદ મેથોડિસ્ટ ચર્ચ, શાહપુરના ૫૪ વર્ષ પૂર્ણ થતા હોવાથી ઈશ્વરપિતાનો આભાર માનતા કેક કટીંગ કરવામાં આવી હતી.
- તા. ૩૦-૮-૨૦૨૬, અમદાવાદ ડિસ્ટ્રીક્ટ વેસ્ટ મહિલા મંડળ દ્વારા આધ્યાત્મિક અને પ્રૌઢ શિક્ષણ સેમિનાર રાખવામાં આવ્યો હતો. આપણા ચર્ચ દ્વારા આ કાર્યક્રમ સ્પોન્સર કરવામાં આવ્યો હતો. આ સેમિનાર આશીર્વાદિત રહ્યો હતો.




## પાળક મારફતે મળેલ બર્થડે અને આભારસ્તુતિના દાનો

| | | |
|---|---|---|
| ઉષાબેન એમ. રાઠોડ | બર્થડે | ૫૦૦ |
| શેરીલ આર. ક્રિશ્ચિયન | બર્થડે | ૫૦૦ |
| પ્રતિક્ષાબેન એસ. ક્રિશ્ચિયન | આ.સ્તુ. | ૧૦૦ |
| રૂફીનાબેન રાજ શાહ | એજ્યુ. | ૧૫૦૦ |
| રીટાબેન કીન | આ.સ્તુ. | ૨૦૦૦ |
| થોમસભાઈ વી. ક્રિશ્ચિયન | બર્થડે | ૧૦૦૦ |
| મોનિકાબેન એસ. ડેવિડ | આ.સ્તુ. | ૫૦૦ |
| સ્ટેસી જે. ડેવિડ | બર્થડે | ૫૦૦ |
| માગ્રેટબેન એસ. ઈમાનુએલ | બર્થડે | ૫૦૦ |
| જેનેટબેન પી. ક્રિશ્ચિયન | બર્થડે | ૫૦૦ |
| શેન પી. ક્રિશ્ચિયન | બર્થડે | ૫૦૦ |
| એરોન એ. ઈમાનુએલ | બર્થડે | ૫૦૦ |
| એવીસ એ. ઈમાનુએલ | આ.સ્તુ. | ૧૦૦૦ |
| લલિતાબેન એસ. ખ્રિસ્તી | બર્થડે | ૨૦૦ |
| નિલેશ્વરીબેન એન. ક્રિશ્ચિયન | આ.સ્તુ. | ૨૦૦ |
| મનોજભાઈ સી. ચૌહાણની પ્રેમભરી યાદમાં | ચ.મે./પુ.ફંડ | ૨૦૦૦ |
| સુરેખાબેન એ. ક્રિશ્ચિયન | બર્થડે | ૫૦૦ |
| એનેશા ડી. હેરી | બર્થડે | ૫૦૦ |
| પ્રાર્થના એ. કાપડીયા | બર્થડે | ૫૦૦ |
| ડોરિનબેન એન. ક્રિશ્ચિયન | બર્થડે | ૫૦૦ |
| નિલેશભાઈ એસ. ક્રિશ્ચિયન | આ.સ્તુ. | ૨૦૦૦ |
| કલ્પનાબેન ક્રિસ્ટી તરફથી સ્વ. મનોજભાઈની પ્રેમભરી યાદમાં | આ.સ્તુ. | ૧૦૦૦ |

## નાણાંકીય અહેવાલ - જુલાઈ - ૨૦૨૬

| | | |
|---|---|---|
| તા.૧-૭-૨૬ ની ઉઘડતી સિલક | | |
| | રોકડ | ૪૪૨૫૮-૮૮ |
| | બેંક | ૫૭૬૯૦૯-૫૯ |
| જુલાઈ-૨૦૨૬ની | આવક | ૧૦૭૦૦૦-૦૦ |
| | કુલ | ૭૨૮૧૬૮-૪૭ |
| તા.૩૧-૭-૨૬ની બંધ સિલક | | |
| | રોકડ | ૨૪૯૨૬-૮૮ |
| | બેંક | ૬૨૪૫૧૯-૫૯ |
| જુલાઈ-૨૦૨૬ની | જાવક | ૭૮૭૨૨-૦૦ |
| | કુલ | ૭૨૮૧૬૮-૪૭ |

શ્રી શરદભાઈ જે. માસ્ટર, ટ્રેઝરર

## BIRTHDATE IN SEPTEMBER

| | |
|---|---|
| ૧/૯ | રશ્મિબાળા સી. સોલંકી |
| ૨/૯ | રાજસ્નેહવદન શાહ |
| ૨/૯ | નિરવ જોસફ ક્રિશ્ચિયન |
| ૩/૯ | આર્થર એ. પેટ્રિક |
| ૪/૯ | સુરાગ કે. વાઘેલા |
| ૪/૯ | જેનીફર ડી. બોરકર (દુબઈ) |
| ૬/૯ | જીનલ સી. વરસડા |
| ૬/૯ | મૃગલોચના એસ. ક્રિશ્ચિયન |
| ૭/૯ | રીયાન જેમ્સ ક્રિશ્ચિયન |
| ૭/૯ | શેરોન એ. ક્રિશ્ચિયન (કેનેડા) |
| ૯/૯ | રોનાલ્ડ આર. રાઠોડ |
| ૧૦/૯ | એવીસ એ. ઈમાનુએલ |
| ૧૦/૯ | રોજર આર. રાઠોડ |
| ૧૦/૯ | રશ્મિકાન્ત કે. મેકવાન |
| ૧૦/૯ | રંજનબેન એ. સોલોમન |
| ૧૧/૯ | સેલીના આર. હિવાળે |
| ૧૧/૯ | એમ્બ્રોઝ એ. પેટ્રિક |
| ૧૧/૯ | ડોરોથીબેન જે. દાસ |
| ૧૧/૯ | સોનલ વી. દાસ |
| ૧૧/૯ | હસુમતિ વી. રાઠોડ |
| ૧૫/૯ | નેવિલ એન. ક્રિશ્ચિયન |
| ૧૫/૯ | જોયસી ડી. મેકવાન (યુ.એસ.એ.) |
| ૧૭/૯ | આયરીન એ. ગામડીયા |
| ૧૭/૯ | ઓલ્ડ્રીચ ઓ. ગામડીઆ |
| ૧૮/૯ | મીનાક્ષીબેન વી. ક્રિશ્ચિયન |
| ૧૯/૯ | સુનિલભાઈ કે. મેકવાન |
| ૧૯/૯ | જીમી એસ. ડેવિડ |
| ૧૯/૯ | પર્સી વી. ક્રિશ્ચિયન |
| ૨૦/૯ | પ્રિસ્કા આર. ક્રિશ્ચિયન (યુ.એસ.એ.) |
| ૨૧/૯ | અલ્પાબેન આર. પરમાર |
| ૨૧/૯ | ડેઝમન્ડ જી. મેકવાન (યુ.એસ.એ.) |
| ૨૨/૯ | નિલેશ્વરી એન. ક્રિશ્ચિયન |
| ૨૩/૯ | સુનિલ એ. ક્રિશ્ચિયન |
| ૨૪/૯ | એન્જલીના આર. પરમાર |
| ૨૪/૯ | શશીબાળાબેન એસ. પરમાર |
| ૨૬/૯ | રેનોલ્ડ એન. ક્રિશ્ચિયન (યુ.એસ.એ.) |
| ૨૯/૯ | હેરોલ્ડ સી. ક્રિસ્ટી |
| ૩૦/૯ | જીતેન્દ્ર ફિલીપ મહિડા (યુ.એસ.એ.) |
| ૩૦/૯ | બ્રિયાના જે. મહિડા (યુ.એસ.એ.) |
| ૩૦/૯ | રોશેલ કોલિન ડેવિડ |
| ૩૦/૯ | રેચલ કોલિન ડેવિડ |